સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી - ૨૦૨૧

ભારતીય જનતા પાર્ટી-કર્ણાવતી મહાનગર

ગુજરાત છે મક્કમ
ભાજપ સાથે અડીખમ

પ્રેસનોટ                                                                                    તા.૨૩/૦૨/૨૦૨૧

## જનતા જનાર્દન જનાદેશ
## ગુજરાત છે મક્કમ ભાજપા સાથે અડીખમ

**આજરોજ ખાનપુર મહાનગર ભાજપા કાર્યાલય જે.પી ચોક ખાતે ભાજપાનો ૬ મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભવ્ય વિજય થતા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.**

**------**

**જનતાએ જે વિશ્વાસ ભાજપા પર છેલ્લા ૩૦ વર્ષથી મુક્યો છે તે વિશ્વાસને ટકાવી રાખવા ભાજપાનો એક એક કાર્યકર પ્રજાની વચ્ચે રહીને સેવા કાર્યો કરશે તેની હું ખાતરી આપું છુ. – શ્રી સી.આર.પાટીલ**

**ભાજપાનો કાર્યકર્તા વિરોધીઓની નબળાઈ પર નહિ પરંતુ પોતાના કાર્યોના બળ પર જીત મેળવે છે.**
**- શ્રી સી.આર.પાટીલ**

**આ જંગી જીત ભાજપાના કમળ અને લાખો કાર્યકર્તાઓના સાથ અને સહકારની જીત છે.**

**- શ્રી સી.આર.પાટીલ**

**ભાજપાનો કાર્યકર પક્ષ માટે હમેંશા સર્વેસર્વા રહ્યો છે અને ભવિષ્યમાં પણ સર્વેસર્વા રહેશે.**

**- શ્રી સી.આર.પાટીલ**

**ભાજપાએ અવિરત વિકાસના પ્રજાલક્ષી- ગરીબલક્ષી કાર્યો કર્યા છે. જેના કારણે ભાજપાને એન્ટીઈન્કમબેન્સી નડતી નથી. - શ્રી સી.આર.પાટીલ**

**કોંગ્રેસની સૌથી બુરી હાલત આજના દિવસે જોવા મળી છે. અમુક મહાનગરોમાં તો કોંગ્રેસનું ખાતું પણ નથી ખુલ્યું અને અમુક મહાનગરોમાં કોંગ્રેસ બે આંકડામાં પણ નથી પહોંચી. - શ્રી વિજયભાઈ રૂપાણી**

**પ્રજાએ કોંગ્રેસને વિરોધપક્ષ માટે પણ રિજેક્ટ કર્યા છે. - શ્રી વિજયભાઈ રૂપાણી**

---

કર્ણાવતી મીડિયા વિભાગની અખબાર યાદીમાં જણાવ્યાનુસાર, આજરોજ ખાનપુર મહાનગર ભાજપા કાર્યાલય જે.પી ચોક ખાતે ભાજપાનો ૬ મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભવ્ય વિજય થતા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. જનતા જનાર્દન જનાદેશ અને ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમના સુત્રો સાથે ઉપસ્થિત સૌ કાર્યકરોએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનો સ્વાગત કર્યું હતું. મહાનુભાવો જયારે કાર્યક્રમમાં પધાર્યા ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં વિજેતા થયેલ કોર્પોરેટરશ્રીઓએ ખેસ લહેરાવી, કમળની પ્રતિકૃતિથી સ્વાગત કર્યું હતું. ઢોલ નગારા ત્રાંસા તેમજ આતશબાજી કરીને સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજના આ વિજયોત્સવમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આજના આ વિજયમાં કાર્યકર્તાઓની ખુબ મહેનત લાગેલી છે. તમામ કાર્યકર્તાઓને વંદન સાથે અભિનંદન પાઠવું છુ. કર્ણાવતી મહાનગરમાં ગઈવખતે ૨૦૧૫માં ૧૪૨ બેઠકો હતી તેની સામે આ વખતે ૧૫૯ બેઠકો કર્ણાવતીની જનતાએ આપી છે તે બદલ કર્ણાવતી મહાનગરની જનતાનો આભાર માનું છુ. સમગ્ર છ મહાનગરપાલિકામાં કુલ ૫૭૬ બેઠકો માંથી ૪૮૪ જેટલી

બેઠકો પર ભાજપાના ઉમેદવારોને વિજય અપાવવા બદલ જનતા જનાર્દનનો આભાર માનું છુ. જનતાએ જે વિશ્વાસ ભાજપા પર છેલ્લા ૩૦ વર્ષથી મુકયો છે તે વિશ્વાસને ટકાવી રાખવા ભાજપાનો એક એક કાર્યકર પ્રજાની વચ્ચે રહીને સેવા કાર્યો કરશે તેની હું ખાતરી આપું છુ.

શ્રીપાટીલે નવા ચૂંટાયેલા ઉમેદવારોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, આવતીકાલથી જ વિસ્તારમાં જઈને સૌ ઉમેદવારશ્રીઓ પ્રજાની સેવામાં લાગી જાય. ભાજપાનો કાર્યકર્તા વિરોધીઓની નબળાઈ પર નહિ પરંતુ પોતાના કાર્યોના બળ પર જીત મેળવે છે. સૌ વિજયી ઉમેદવારોને અભિનંદન આપતા પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે, આપણી આ જંગી જીત ભાજપાના કમળ અને લાખો કાર્યકર્તાઓના સાથ અને સહકારની જીત છે. ભાજપાનો કાર્યકર પક્ષ માટે હમેંશા સર્વેસર્વા રહ્યો છે અને ભવિષ્યમાં પણ સર્વેસર્વા રહેશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપાએ અવિરત વિકાસના પ્રજાલક્ષી- ગરીબલક્ષી કાર્યો કર્યા છે. જેના કારણે ભાજપાને એન્ટીઈન્કમબેન્સી નડતી નથી દર વખતે ચુંટણીમાં ગઈવખત કરતા વધુ બેઠકો અને વધુ લીડથી ભાજપા જીતે છે. સૌ ઉમેદવારોને સેવાકિત પ્રવૃત્તિ કરી એક આગવું સ્થાન પ્રજાના મનમાં ઉભું કરવાન અપીલ કરી હતી.

શ્રી પાટીલે આજના આ વિજયોત્સવના પ્રસંગે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, કોંગ્રેસ કોઈપણ ચુંટણી વખતે તૂટે છે અને પરિણામ પછી કોંગ્રેસને કાર્યકર્તા પણ મળતા નથી. સ્થાનિક સ્વરાજ્યની આ ચુંટણીમાં સૌ કોઈએ કરેલ પેજ કમીટીના કાર્યની આ ભવ્ય જીત છે. સમય ઓછો હતો જેના કારણે બાકી રહેલ પેજકમીટીનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવા હાકલ કરી હતી.

આજના આ વિજયોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપા વતી ગુજરાતની ગૌરવશાળી જનતાનો આભાર માન્યો હતો. જનતા જનાર્દને ભાજપાને અમુક મહાનગરોમાં ૨૫-૩૦ વર્ષથી તો અમુક મહાનગરોમાં ૪૫-૫૦ વર્ષોથી વિજયશ્રીના ફૂલહાર પહેરાવીને સેવા કરવાનો મોકો આપ્યો છે. પાર્લામેન્ટરી બોર્ડના નિર્ણય અંતર્ગત પાર્ટીના સનીષ્ટ, સીનીયર કાર્યકર્તાઓને ટીકીટ ન મળી છતાં પ્રચારમાં જોડાઈ પાર્ટીએ જાહેર કરેલ ઉમેદવારને જીતાડવા તન-મન-ધનથી જોતરાઈ ગયા હતા. કોંગ્રેસ પર કટાક્ષ કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, કોંગ્રેસની સૌથી બુરી હાલત આજના દિવસે જોવા મળી છે. અમુક મહાનગરોમાં તો કોંગ્રેસનું ખાતું પણ નથી ખુલ્યું અને અમુક મહાનગરોમાં કોંગ્રેસ બે આંકડામાં પણ નથી પહોંચી. કોંગ્રસે ભૂતકાળમાં પ્રજા વચ્ચે વેર-ઝેર ફેલવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. અત્યારે દિલ્હીમાં પણ કિસાન આંદોલનને ભટકાવી રહી છે. કોરોના કાળમાં સરકારની કામગીરી પર ખોટા પ્રશ્નો કર્યા પરંતુ શાણી, સમજુ પ્રજાએ ભાજપાની નીતિ, નિર્ણય, નેતૃત્વ પર વિશ્વાસ કર્યુ અને ફરીવાર સેવા કરવાનો મોકો આપ્યો. આ વખતના પરિણામમાં તો કોંગ્રેસ વિરોધ પક્ષમાં પણ બેસી શકે તેટલા મતો પણ પ્રજાએ આપ્યા નથી. આમ પ્રજાએ કોંગ્રેસને વિરોધપક્ષ માટે પણ રિજેક્ટ કર્યા છે. આ તો માત્ર એક ટ્રેઈલર હતું હજુ ૨૦૨૨ની વિધાનસભાની ચુંટણીઓમાં વિરોધીઓને તેમનું અસલી સ્થાન બતાવી દેશે.

આ વિજયોત્સવમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રસંગોચિત સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીયગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપા સતત જંગી બહુમતીથી જીત મેળવી રહ્યું છે. ગુજરાતના મતદારોએ કરેલા મતદાનથી ભાજપાનું મનોબળ મજબુત થાય છે અને વધુ મજબુતીથી જન કાર્યોમાં જોડાઈ જઈએ છીએ.

કર્ણાવતી મહાનગરના પ્રભારીશ્રી અને સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીના ઇંચાર્જશ્રી આઈ.કે.જાડેજાએ સૌ વિજયી ઉમેદવારને આવકાર્યા હતા અને જંગી જીત બદલ કર્ણાવતી મહાનગરની જનતાનો આભાર માન્યો હતો તેમજ કાર્યકર્તાઓએ કરેલ ચુંટણી અંતર્ગતની કાર્યવાહીને બિરદાવી હતી.

આ વિજયોત્સવમાં ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ કર્ણાવતી મહાનગરના કાર્યકર્તાઓને બિરદાવી આ વિજયોત્સવને વધાવી લીધો હતો. સ્વાગત પ્રવચન શહેર અધ્યક્ષશ્રી જગદીશ પંચાલે કર્યુ હતું.

.

**લી**

A.P.Jyotikar

**ડૉ.અમિત જ્યોતિકર**

**(કન્વીનર મીડિયા વિભાગ – કર્ણાવતી મહાનગર)**